eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 306
February 17, 2012

## બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમ



ભારત સરકારશ્રીના આદેશ મુજબ બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમનો પ્રથમ રાઉન્ડ તાઃ ૧૯/૦૨/૨૦૧૨ થી તાઃ ૨૨/૦૨/૨૦૧૨ દરમ્યાન તથા બીજો રાઉન્ડ તાઃ ૦૧/૦૪/૨૦૧૨ થી તાઃ ૦૪/૦૪/૨૦૧૨ દરમ્યાન હાથ ધરવાનો છે. આ કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવવામાં આવશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા"નું આયોજન

હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ" સ્પર્ધાનું આયોજન તા. ૨૬/૦૨/૨૦૧૨ને રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે દોડ સ્પર્ધા અને સવારે ૮.૦૦ કલાકે સાયકલ સ્પર્ધા એલ.પી.સવાણી સ્કૂલ સર્કલ, "ડો.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ", અડાજણ, સુરત ખાતે યોજવામાં આવનાર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૬/૦૨/૨૦૧૨ ના રોજ વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ લોકાર્પણવિધિ



નાગરિકોની સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પરંપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પાંચ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ શ્રી નિતીનભાઈ પટેલ, મા.મંત્રીશ્રી, પાણી પુરવઠા, જળ સંપત્તિ(કલ્પસર પ્રભાગ સિવાય), શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ,ગુજરાત રાજયના વરદહસ્તે તથા મા.મેયરશ્રી શ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)ના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમ



ભારત સરકારશ્રીના આદેશ મુજબ બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમનો પ્રથમ રાઉન્ડ તાઃ ૧૯/૦૨/૨૦૧૨ થી તાઃ ૨૨/૦૨/૨૦૧૨ દરમ્યાન તથા બીજો રાઉન્ડ તાઃ ૦૧/૦૪/૨૦૧૨ થી તાઃ ૦૪/૦૪/૨૦૧૨ દરમ્યાન હાથ ધરવાનો છે. આ કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવવામાં આવશે.

આ કાર્યક્રમનો સુવ્યવસ્થિત અમલ માટે માન.મેયરશ્રીનાં અધ્યક્ષસ્થાને તાઃ૧૦/૦૨/૨૦૧૨ ના રોજ બપોરે ૧૨ઃ૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના નવા સ્થાયી સમિતિ ખંડમાં સ્ટીયરીંગ કમિટિની મીટીંગ રાખવામાં આવેલી હતી. જેમાં મેયર શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, ડે.મેયર શ્રીમતિ વર્ષાબેન રાણા, ચેરમેનશ્રી આરોગ્ય સમિતિ શ્રી અનિલભાઈ સોનલ્યા, ચેરમેનશ્રી ન.પ્રા.શિક્ષણ સમિતિ અતુલભાઈ પટેલ, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ, વિભાગીય નાયબ નિયામકશ્રી (દ.ગુ.) ર્ડા.ઠાકરે, મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ (સ્મીમેર) ર્ડા.કલ્પનાબેન દેસાઈ, મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ(મસ્કતી) ર્ડા.એચ.ડી.દૂધવાલા, ઝોનલ ચીફ સેન્ટ્રલ ઝોનશ્રી એમ.ડી.દારૂવાલા, તમામ ઝોનનાં કાર્યપાલક ઈજનેર, નાયબ/આસી. આરોગ્ય અધિકારી તમામ, ન.પ્રા.શિ.સમિતિ ઉપ શાસનાધિકારી શ્રી શંકરભાઈ પટેલ, મેડીકલ ઓફિસર વર્ગ–૧ (કુ.ક.બ્યુરો), સી.પી.સી.(એનઆરએચએમ), પ્રોગ્રામ ઓફિસર (સા.પ.કુ.), સી.ડી.પી.ઓ. તમામ, ગર્વમેન્ટ મેડીકલ કોલેજ તથા સ્મીમેરના(પી.એસ.એમ વિભાગ) એસો.પ્રોફેસર, તેમજ એન.જી.ઓ.માં ગુજરાત ગેસનાં પ્રતિનિધિ, બી.એસ.એન.એલ ના પ્રતિનિધિ, રોટરી કલ્બના પ્રતિનિધિ તથા અન્ય અધિકારી કર્મચારીઓ હાજર રહયા હતા.

પ્રારંભે આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈએ આમંત્રિતોનું સ્વાગત કર્યુ હતુ તથા કાર્યક્રમ અંગે પ્રાથમિક માહિતી આપતા જણાવ્યુ હતું કે, આ કાર્યક્રમ હેઠળ ૩૬ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર, ૨૬૫૫ ઈમ્યુનાઈઝેશન ટીમોનું આયોજન કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા મારફતે કરવામાં આવતી કામગીરી તથા પલ્સ પોલિયો કાર્યક્રમના આયોજન બાબતે જાણકારી આપી હતી. સને ૧૯૯૫ થી અત્યાર સુધી પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામના ૫૫ (પંચાવન) તથા માઈગ્રેટેડ પોપ્યુલેશન ધરાવતા વિસ્તારમાં ૨૫ (પચ્ચીસ) રાઉન્ડ મળી કુલ ૮૦ (એંસી) રાઉન્ડ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં ૦–૫ વર્ષના બાળકોના લક્ષ્યાંકની સામે ૧૦૦ ટકા કામગીરી હાંસલ કરવામાં આવે છે. આ રાઉન્ડમાં પણ ૧૦૦ ટકા સિધ્ધી હાંસલ થાય તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો. માહે ફેબ્રુઆરી–૧૯૯૯ પછી સુરત શહેરમાં પોલીયોનો એક પણ પોઝીટીવ કેસ થયો નથી.

**Continue …**

સુરત મહાનગરપાલિકા દ્વારા જરૂરી કાર્યક્રમનો પ્રચાર પ્રસાર વધુ થાય તે માટે વર્તમાન પત્રોમાં જાહેરાત, બીલ બોર્ડ,બેનર,પ્રચાર પત્રિકા,કઠપુતળીના કાર્યક્રમો, આકાશવાણી પર જાહેરાત,સિનેમા/સ્થાનિક ચેનલો મારફતે પ્રચાર, પ્રચાર વાહનો, રીક્ષા,ડોર ટુ ડોર ગાર્બેજના વાહનો તથા મહાનગરપાલિકાના સફાઈ કામદારો પોતાના વિસ્તારમાં પોલીયોની રસી પીવડાવવા બાબતે પ્રચાર કરશે. સુરત રેલ્વે સ્ટેશન ખાતે કાર્યક્રમના દિવસો દરમ્યાન દિવસ તથા રાત્રી દરમ્યાન તથા બસ ડેપો, સીટી બસ સ્ટેન્ડ ઉપર દિવસ દરમ્યાન રસીકરણ બુથ ની વ્યવસ્થા કરવામાં આવી છે. શોંપીંગ સેન્ટર, બગીચાઓ, ફુટપાથ, ટેમ્પરરી વસાહતો, માર્કેટ, ધાર્મિક સ્થળોએ મોબાઈલ ટીમ મારફતે કામગીરી કરાવવામાં આવશે. બુથ ડે ના દિવસે વધુ કવરેજ થાય તે માટે જે તે વિસ્તારના બાળવાડી,આંગણવાડી,નર્સરી ખાતે કાર્યકરો રૂબરૂ જઈ પોલીયોના ડોઝ પીવડાવશે તથા મોટીવેશન કરશે. મ્યુ.સદસ્યશ્રીઓ, કાર્યકરો, એન.જી.ઓ. ને પોતાના વિસ્તારમાં સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપે તેવો અનુરોધ કર્યો હતો.

ગુજરાત ગેસનાં પ્રતિનિધિએ અમારા તમામ બીલ કલેકશન કેન્દ્રો પર બેનર્સ તથા પોસ્ટર્સ લગાવવામાં આવશે અને બીલો પર પણ ''આપના ૫ વર્ષ સુધીનાં બાળકોને પોલીયોની રસી અવશ્ય પીવડાવવો'' લખાણ છાપવામાં આવશે.એમ જણાવ્યું હતું.

બી.એસ.એન.એસ. નાં પ્રતિનિધિએ '' કોલર એનાઉન્સમેન્ટ'' માટે વ્યવસ્થા કરવા ખાત્રી આપી હતી.

રોટરી કલ્બના પ્રતિનિધિએ સુરત શહેરની તેઓની ૧૧ શાખાઓ માંથી બેનર્સ તથા કાર્યક્રમના આગળના દિવસે રેલી દ્વારા પ્રચારાત્મક કામગીરી કરવાના છે તેવું જણાવ્યુ હતુ.

એફ.પી.એ. ના પ્રમુખશ્રીએ અત્યાર સુધીના તમામ કાર્યક્રમ સફળતા પૂર્વક પાર પાડવા બદલ સુરત મહાનગરપાલિકાને અભિનંદન આપ્યા હતા. એફ.પી.એ. સાથે સંકળાયેલા તમામ ડોકટરો પલ્સ પોલિયોના દિવસે પોતાના પ્રાઈવેટ કલીનિક ખુલ્લા રાખી કાર્યક્રમમાં સહકાર આપશે તે જણાવ્યું હતું.

મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ પ્રવચનમાં જણાવ્યું હતું કે,પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમને સફળતા મળે તે માટે દરેક પદાધિકારી, અધિકારી/કર્મચારી તથા કાર્યકરોએ પોતાની નૈતિક ફરજ સમજી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા અનુરોધ કર્યો હતો.સુરત મહાનગરપાલિકા દ્વારા નવા જન્મેલ બાળકના સમયસર રસીકરણ માટે મોબાઈલ પર એસ.એમ.એસ.થી વિના મૂલ્યે જાણ કરવામાં આવે છે જે આવકારદાયક બાબત છે. એસ.એમ.એસ.થી પલ્સપોલિયોના દિવસે બાળકોને બૂથ પર લઈ જઈ પોલિયોની રસી પીવડાવવાની જાણ કરવા સુચન કર્યુ હતુ. આગામી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા શુભેચ્છા વ્યકત કરી હતી.

કાર્યક્રમના અંતમાં આરોગ્ય વિભાગના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.આઈ.ખત્રીએ મીટીંગમાં ઉપસ્થિત રહેવા બદલ તમામનો આભાર વ્યકત કર્યો હતો.

TOP

## હરિ:ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા"નું આયોજન

હરિ:ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ" સ્પર્ધાનું આયોજન તા. ૨૬/૦૨/૨૦૧૨ને રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે દોડ સ્પર્ધા અને સવારે ૮.૦૦ કલાકે સાયકલ સ્પર્ધા એલ.પી.સવાણી સ્કૂલ સર્કલ, "ડો.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ", અડાજણ, સુરત ખાતે યોજવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ૯ થી ૧૩ વર્ષની વયના સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારની શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગ ઉપવન), ચોક બજાર, સુરત ખાતેથી તા.૨૩/૦૨/૨૦૧૨ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી ઉંમરના પુરાવા તથા મેડીકલ ફીટનેસ સર્ટીફિકેટ સાથે પરત કરવાના રહેશે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૬/૦૨/૨૦૧૨ ના રોજ વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ

નાગરિકોની સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પરંપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પાંચ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ શ્રી નિતીનભાઈ પટેલ, મા.મંત્રીશ્રી, પાણી પુરવઠા, જળ સંપત્તિ(કલ્પસર પ્રભાગ સિવાય), શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ,ગુજરાત રાજયના વરદહસ્તે તથા મા.મેયરશ્રી શ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) ના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ હતી.



વરાછા ઝોન વિસ્તારમાં ભવાની માતાના મંદિર પાસે, મોટા વરાછા ખાતે પ્રાથમિક શાળાની ખાતમુહૂર્તવિધિ કરવામાં આવેલ. આ શાળામાં ૧૬ કલાસરૂમ, હોલ, રસોડું, આચાર્ય રૂમ, સ્ટાફ રૂમ, સ્ટોર રૂમ અને લેબોરેટરીરૂમ તેમજ પીવાના પાણીની ઓવરહેડ અને અંડરગ્રાઉન્ડ ટાંકીની સુવિધા સહિત અંદાજિત રૂા.૧.૫૮ કરોડના ખર્ચે નિર્માણ થશે.

રાંદેર ઝોન વિસ્તારમાં એકતાનગરની બાજુમાં,અડાજણ ખાતે EWS આવાસ શહેરી ગરીબો માટે ૩૨૦ આવાસો અંદાજિત રૂા.૯.૮૧ કરોડના ખર્ચે નિર્માણ થનાર છે. જેમાં બે રૂમ,રસોડું,બાથરૂમ,ટોયલેટ,બાલ્કની તેમજ આંગણવાડી સહિત પ્રાથમિક શાળા,દવાખાનું અને વાંચનાલય જેવી સુવિધાઓ આપવામાં આવશે.

અઠવા ઝોન વિસ્તારમાં શિલ્પરેસીડન્સીની બાજુમાં, વેસુ ગામ ખાતે ડુમસ જુથ યોજનાના ૮ ગામોને પાણી પુરવઠો પુરો પાડવાનો શુભારંભ કરવામાં આવેલ. જેમાં વેસુ, ખજોદ, આભવા, ગવિયર, વાંટા, ભીમપોર, સુલતાનાબાદ, ડુમસ જેને પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે. જેનો કુલ અંદાજિત ખર્ચ રૂા.૨૦૨૦.૦૦ લાખ થયેલ છે.





ઉધના ઝોન વિસ્તારમાં આવેલ સિધ્ધાર્થનગર પાસે સોલીડ વેસ્ટ ટ્રાન્સફર સ્ટેશનની લોકાર્પણવિધિ કરવામાં આવેલ. જેમાં JnNURM અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સ્કીમ હેઠળ મંજુર થયેલ પુલ રૂા.૫૨૪૯.૭૨ કરોડની ગ્રાંટ પૈકી અંદાજિત રૂા.૧૮ કરોડના ખર્ચે આવા ટ્રાન્સફર સ્ટેશન બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

**Continue …**

ઉધના ખરવરનગર પાસે BRTS રૂટ પર ફલાયઓવર બ્રિજનું લોકાર્પણ શ્રી નિતીનભાઈ પટેલ,મા.મંત્રીશ્રી, પાણી પુરવઠા,જળ સંપત્તિ (કલ્પસર પ્રભાગ સિવાય), શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ, ગુજરાત રાજયના વરદહસ્તે કરવામાં આવેલ. દિનપ્રતિદિન શહેરની વધતી જતી વસ્તીને ધ્યાનમાં લઈ શહેરની ટ્રાફિક સમસ્યા હલ કરવા માટે સુરત શહેરને વધુ એક ફલાયઓવર બ્રિજ અંદાજિત રૂા.૪૬૯.૦૨ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ છે. જેની લંબાઈ ૫૪૨.૯૩ મી. (પૂર્વ બાજુ) તથા ૫૫૨.૦૦ મી (પશ્ચિમ બાજુ) તથા પહોળાઈ ૨૨૮.૪૦ મી છે.





મુખ્ય સમારંભની શરૂઆત સ્વાગતગીતથી કરવામાં આવી હતી.

ઉધના ખરવરનગર ખાતે યોજાયેલ મુખ્ય સમારંભમાં સ્વાગત પ્રવચન કરતાં મા.કમિશ્નરશ્રી એમ.કે.દાસે મા.મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે શહેરના વિવિધ વિસ્તારોમાં પાંચ પ્રકલ્પોની ખાતમુહૂર્ત અને લોકાર્પણવિધિ મા.મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ ધ્વારા આજ રોજ સંપન્ન કરવામાં આવી. સુરત શહેરની પ્રજાજનોને ટ્રાફીક જેવા જટીલ સમસ્યાના નિવારણ માટે ફલાયઓવર બ્રિજ,છેવાડાના નાગરિકના શિક્ષણ માટે શાળાઓ તેમજ શહેરની જનતાને પીવાના પાણીની સુવિધાઓ પુરી પાડવા તથા સોલીડ વેસ્ટ જેવી સુવિધાઓ શહેરજનોને પુરી પાડવામાં આવેલ છે. વધુમાં રાજયસરકારશ્રી તરફથી મળતાં સહયોગને કારણે પ્રોજેકટોની કામગીરી ઝડપી બની છે.

મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જશદોશે જણાવ્યું હતું કે સુરત શહેરનો જે વિકાસ થઈ રહયો છે. તે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને આભારી છે. વધુમાં અન્ય રાજયોમાં પણ મુખ્યમંત્રીની કામગીરી પ્રશંસાલાયક રહી છે.

શ્રી રણજીતભાઈ ગીલીટવાલા,મા.મંત્રીશ્રી, કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી (સ્વતંત્રહવાલો), આયોજન,વાહનવ્યવહાર(રાજયકક્ષા)ગુજરાત રાજયએ જણાવ્યું કે મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવા બાબતે મહાનગરપાલિકાની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. સુરત મહાનગરપાલિકાએ પ્રજાલક્ષી વિવિધ પ્રોજેકટો સાકાર કર્યા છે. શહેરીજનોની સુવિધા માટે શહેરી ગરીબ આવાસ બાંધવામાં સુરત શહેર નંબર વન છે. તાપી કિનારે વસેલ ઝુંપડાઓને રહેવા માટે વ્યવસ્થિત આવાસ યોજનાઓ આપી પ્રાથમિક જરૂરિયાતો જેવી કે શિક્ષણ,પાણી,હોસ્પિટલો જેવી સુવિધાઓ પુરી પાડવા તથા શહેરમાંથી નીકળતો દિન પ્રતિદિનનો કચરો સુવ્યવસ્થિત નિકાલ કરવા સોલીડ વેસ્ટ જેવા પ્રોજેકટો શરૂ કરી ગેસમાંથી વિજળી ઉત્પન્ન કરવાનું કામ સૌથી પ્રથમ સુરત મહાનગરપાલિકાએ કર્યુ છે. વિન્ડ પાવર જનરેશનમાંથી કરોડો રૂપિયાની આવક મેળવવાનું કામ મનપાએ કરેલ છે. આમ, સુરત શહેરની જટિલ ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ખચતક જેવા પ્રોજેકટ શરૂ કરવામાં અમદાવાદ,પુના જેવા શહેરોમાં પણ BRTS ની સુવિધા છે. પરંતુ BRTS માં પણ સુરત શહેર મોડેલ રૂપે બને.

**Continue …**

સમારંભના મુખ્ય મહેમાનશ્રી નરોત્તમભાઈ પટેલ, મા.મંત્રીશ્રી,પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, ગુજરાત રાજયએ જણાવ્યું કે ઉધના રોડથી લોકોની સતત અવરજવરની જરૂરિયાત તેમજ ટ્રાફિક સમસ્યા નિવારણ માટે ૪૯૦ કરોડના ખર્ચે BRTS નો ફલાય ઓવર બ્રિજ તૈયાર કરવામાં આવેલ છે. જેના માટે સુરતની જનતા ખુબ જ નસીબદાર છે. તેમજ ગુજરાતમાં સુરતના વિકાસમાં મા.મંત્રીશ્રી નીતિનભાઈનું ખુબ જ યોગદાન રહેલ છે. જેની સાથે સુરત શહેરની અંદર વિકાસોની હારમાળા ચાલુ રહે તેના માટે અમારા સતત પ્રયત્નો ચાલુ છે. શહરેની અંદર ચારે તરફથી થયેલ વિકાસ કાર્યોની હારમાળામાં શહેરની વચ્ચેથી પસાર થતી ખાડી બાબતે ટકોર કરી ખાડીઓના વિકાસ બાબતે મા.મંત્રીશ્રી નીતિનભાઈ પટેલનું ધ્યાન દોર્યુ હતું.

મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે શહેરીજનોને વિવિધ માળખાકીય સુવિધાઓ તથા વિવિધ પ્રોજેકટોના વિકાસની હરળફાળ ભરતું શહેર સમગ્ર દેશના શહેરોમાં અનન્ય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

સમારંભના ઉદઘાટક તથા વિવિધ પ્રોજેકટોના ખાતમુહૂર્ત/લોકાર્પણ કરતાં મા.મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, મા.મંત્રીશ્રી, પાણી પુરવઠા,જળ સંપત્તિ (કલ્પસર પ્રભાગ સિવાય), શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ,ગુજરાત રાજય જણાવ્યું હતું કે શહેરના ટ્રાફિકના પ્રશ્નો તથા વધતી જતી પેટ્રોલ/ડીઝલની મોંઘવારી તથા પર્યાવરણને થતાં નુકશાનથી  ખચતક જેવા મહત્વકાંક્ષી પ્રોજેકટો મનપાના અધિકારીશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓના સહયોગ અને સંકલનથી પાર પાડવામાં આવી રહયા છે. વેસુનો મહાનગરપાલિકામાં સમાવેશ થયો ત્યારે પાણીની સમસ્યા હતી. જે આજે ૮ ગામોને (જેમાં વેસુ, ખજોદ, આભવા, ગવીયર, વાંટા, ભીમપોર, ડુમસ અને સુલતાનાબાદ) પાણી પુરવઠો પાડવાનો શુભારંભ કરતાં ગામની હાલની અંદાજિત વસતી ૪૦,૦૦૦ લોકોને પાણીની સુવિધા પ્રાપ્ત થઈ છે. શહેરમાં દર વર્ષે બે લાખ પરપ્રાંતીય લોકો રોજગાર અર્થે શહેરમાં આવે છે. વર્ષ ૨૦૧૧ મુજબ શહેરની વસતી અંદાજિત ૪૭ લાખની થાય છે. શહેરની વસતિ ઝડપથી ૫૦ લાખની થાય તો શહેરને મેગાસીટીનો દરજજો પ્રાપ્ત થઈ શકે. અને મેગા સીટીના લાભો પણ મળી શકે. ભારતમાં કોઈ પણ રાજય સરકારે ફાળવેલ ન હોય ૭૦૦૦ કરોડ ગ્રાંટનું બજેટ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજય સરકારે ફાળવેલ છે. જેમાંથી નગરપાલિકા અને શહેરમાં રહેતા લોકોને વિશેષ લાભો મળશે. શહેરમાં રીંગરોડ બનાવવા માટે વાંધાસુચનો મંગાવવાનો સમય પુર્ણ થયેલ છે. અને ઓછામાં ઓછા વાંધા સુચનો મળેલ છે. જેનાથી રીંગરોડની કામગીરી ટુંક સમયમાં ચાલુ થઈ શકશે. અને રીંગરોડ માટે જમીન સંપાદન માટે પણ જમીન માલિકો ઉત્સાહથી આપણને જમીન ફાળવે તે માટે હમો યોજના બનાવી રહયા છીએ. જેથી ગુજરાતનું આર્થિક પાટનગર ગણાતાં શહેરને રીંગરોડ ઝડપથી મળી શકશે. મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનું સુચન હતું કે આ બ્રિજને ભારતના પ્રખ્યાત શિક્ષણ શાસ્ત્રી આઝાદીના ઘડવૈયા પંડિત મદનમોહન માલવીયા નામનું નામકરણ કરવું તથા પદાધિકારીશ્રીઓને નામકરણ કરવા બાબતે ઠરાવ કરવાનું સુચન કર્યુ હતું. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી થઈ રહી છે ત્યારે આ ઉજવણી અંતર્ગત પ્રજાને આપવામાં આવતી સુવિધાઓનું પણ નામકરણ કરવું. વડોદરાના રાજવી ગાયકવાડના નામે વડોદરામાં સર સયાજીરાવ બ્રિજનું નામકરણ કરવામાં આવ્યું છે. ભાવનગરના રાજવી કૃષ્ણકુમારની જન્મજયંતિની ઉજવણી થઈ રહી છે ત્યારે ભાવનગર યુનીવર્સીટીને રાજવી કૃષ્ણકુમારનું નામકરણ કરવામાં આવેલ છે. આમ ભારતીય સંસ્કૃતિને ચિરંજીવી રાખવામાં પણ તેમનો અમુલ્ય ફાળો છે.

આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ વર્ષા રાણાએ ઉપસ્થિત મહાનુભવો તથા શહેરી જનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, નાનુભાઈ વાનાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, મા.કમિશનરશ્રી, શહેરભાજપ પ્રમુખશ્રી પૂર્ણેશ મોદી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીગણ તેમજ જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP